# કામધેનુ યુનિવર્સિટી

અમારૂ ધ્યેય:સર્વ જીવોનુ કલ્યાણ

(ગુજરાત સરકાર દ્વારા સને ૨૦૦૯ના ગુજરાત અધિનિયમ ૯ હેઠળ પ્રસ્થાપિત)

## પ્રવેશ જાહેરાત

### ધોરણ-૧૦ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યક્રમ: શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯

ધોરણ-૧૦માં ઉતીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કામધેનુ યુનિવર્સિટીમાં ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમ ''ડિપ્લોમા ઈન એનીમલ હસ્બન્ડરી''માં વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન પ્રથમ વર્ષમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઈચ્છુક ઉમેદવારો માટે ઓનલાઈન પ્રવેશ અરજી પત્રક વેબસાઈટ **www.ku-guj.org** પરથી તા.૧૩/૦૬/૨૦૧૮ થી તા.૨૮/૦૬/૨૦૧૮ દરમ્યાન ભરી શકાશે.

ઓફ લાઈન ચલણથી પેમેન્ટ કરવા માટેની મુદત તા.૧૩/૦૬/૨૦૧૮થી તા.૨૬/૦૬/૨૦૧૮ સુધીની રહેશે. તા.૨૬/૦૬/૨૦૧૮ બાદ ઉમેદવાર ચલણથી અરજી ફી ભરી શકશે નહી. ઓફલાઈન ચલણથી અરજી ફી ભરવા માટે **HDFC** બેંકની કોઈપણ શાખામાં કામકાજના સમય દરમ્યાન (જાહેર રજાના દિવસ સિવાય) રૂા.૧૦૦/- ભરી શકાશે. ફી ભર્યાના ૪૮ કલાક બાદ અરજી ફોર્મ પ્રિન્ટ કરી શકાશે.

જો ઉમેદવાર અરજી ફી રૂા.૧૦૦/- ઓનલાઈન (ડેબીટ કાર્ડ/ક્રેડીટ કાર્ડ/નેટ બેંકીંગ) માધ્યમ ધ્વારા ભરવા માંગતા હોયતો તા.૨૮/૦૬/૨૦૧૮ સુધી ભરી શકાશે.

સદર અભ્યાસક્રમમાં પ્રવેશ કાર્યક્રમ માટેની સંભવિત તારીખો કામધેનુ યુનિવર્સિટી વેબસાઈટ પરથી મેળવી શકાશે તથા આ પ્રવેશ કાર્યક્રમની તારીખોમાં ફેરફારને અવકાશ હોય જે અંગેની અદ્યતન માહિતી યુનિવર્સિટીની વેબસાઈટ www.ku-guj.org પરથી મેળવી શકાશે. પ્રવેશ પ્રક્રિયા રૂબરૂ કાઉન્સેલીંગ ધ્વારા હાથ ધરવામાં આવશે, જે અંગેની તારીખોની જાહેરાત અલગથી કરવામાં આવશે.

અગત્યની સુચનાઓ :

૧) સદર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે અંગ્રેજી વિષય સાથે ધોરણ-૧૦ પાસ કરેલ હોવુ જરૂરી છે.
૨) ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમ અંગેની માહિતી પુસ્તિકા ફોર્મ ફી ભર્યાના આધાર રજૂ કર્યેથી હેલ્પ સેન્ટર ખાતેથી વિના મૂલ્યે આપવામાં આવશે, ફોર્મ ફી ભર્યા સિવાય માહિતી પુસ્તિકાની કિંમત રૂા.૨૦/- રહેશે.

**કુલસચિવ**
**કામધેનુ યુનિવર્સિટી,ગાંધીનગર**

**તા.૧૨/૦૬/૨૦૧૮**